ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચોથીવાર વહીવટદાર નિમાશે

**સળંગ છ વર્ષ સ્વ. મફતભાઈ શાહ, પાંચ વર્ષ માટે મહેન્દ્રસિંહ વાઘેલા, ચાર વર્ષ માટે સ્વ. રાયચંદભાઈ પટેલ અને જશુભા રાણાએ સેવાઓ આપી છે : હાલ મંગુબેન શ. પટેલ સાતમા મહિલા પ્રમુખ છે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે ચોથીવાર વહીવટદાર દ્વારા વહીવટીય કામગીરી હાથ ધરવામાં આવશે.

૨૧મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયતની મુદત પૂર્ણ થાય છે. આમ હવે ગાંધીનગર જિલ્લા પંચાયતની મુદત પૂર્ણ થવાની આડે હવે માત્ર ૧૦ દિવસનો સમયગાળો બાકી રહેવા પામ્યો છે.

૧૯૭૬માં જિલ્લા પંચાયતના પ્રથમ પ્રમુખ તરીકે રૂપાલના સ્વ. હરિભાઈ શાહ ચૂંટાઈ આવ્યા હતા. જિલ્લા પંચાયતમાં ૩૦મા પ્રમુખ તરીકે શ્રીમતિ મંગુબેન શ. પટેલ ૨૨-૬-૧૮થી સત્તા સંભાળી રહ્યા છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જનતાદળ, ભાજપ અને કોંગ્રેસ ત્રણેય સત્તાઓ ભોગવી ચુક્યા છે. જો કે સૌથી વધુ સમયગાળો સત્તા કોંગ્રેસે ભોગવી છે. છેલ્લી ત્રણ ટર્મથી સતત કોંગ્રેસે વિજય હાંસલ કર્યો છે.

ભારતીય જનતા પક્ષે એકલા હાથે એકવાર સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. જ્યારે ગત ટર્મમાં મુદત પૂર્ણ થવાના થોડા સમય પૂર્વે કોંગી નેતા હીનાબેન પટેલના નેતૃત્વમાં ભાજપમાં ૮ સભ્યો જોડાતા ભાજપને સત્તા મળી હતી. ભાજપે જિલ્લાને પ્રથમ મહિલા પ્રમુખ તરીકે શ્રીમતિ આનંદીબેન પટેલની ૯૫માં પસંદગી કરી હતી.

જિલ્લા પંચાયતમાં અત્યાર સુધી નવ વખત ઉપપ્રમુખે પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. વર્તમાન શાસકોમાં ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે ૪થી જાન્યુઆરીથી ૨૬ જાન્યુ ૨૦૨૦ સુધી પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

જિલ્લામાં પ્રહલાદજી ઠાકોરે ઉપપ્રમુખ તરીકે રહી પ્રમુખ તરીકે સૌથી વધુ વખત પ્રમુખપદનો ચાર્જ સંભાળ્યો હતો.

જિલ્લામાં પહેલીવાર વહીવટદાર તરીકે ૧-૧-૧૯૯૩ના રોજ પૂર્વ મહેસુલ સચિવ આર.એસ. મીના મુકાયા હતા તેમણે ૧૦-૧-૯૪ સુધી વહીવટદાર તરીકે ફરજો બજાવી હતી. આ પછી પૂર્વ શિક્ષણ સચિવ એસ.ડી. શર્માએ ૧૦-૧-૯૪ થી ૬-૭-૯૫ સુધી વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળી સેવા બજાવી હતી. ત્રીજા વહીવટદાર ૭-૭-૨૦૦૦ના રોજ પી.એમ. આચાર્યની નિયુક્તી કરાઈ હતી. જેમણે ત્રણ મહિના માટે વહીવટદાર તરીકે સેવા આપી હતી.

જિલ્લા પંચાયતમાં પ્રમુખ તરીકે સળંગ છ વર્ષ સ્વ. મફતલાલ શાહ (વડોદરા)એ સેવા આપી હતી. આ પછી પાંચ વર્ષ સળંગ મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલાએ સેવાઓ આપી હતી. ચાર વર્ષ કે તેથી વધુ સમય માટે સ્વ. રાયચંદભાઈ બાપુદાસ પટેલ તેમજ જશુભા રાણા અને હરિભાઈ ચૌધરીએ સેવાઓ આપી છે.

જિલ્લામાં પ્રમુખ પદ પર અત્યાર સુધીમાં આનંદીબેન પટેલ, સરોજબેન ઠાકોર, સીતાબેન પટેલ, મંગીબેન દિલીપભાઈ ચૌધરી, ભીખીબેન ભરતજી ઠાકોર, હીનાબેન પટેલ અને મંગુબેન પટેલ એમ સાત મહિલાઓએ સેવાઓ આપી છે.

# કોરોનાના કેસ ઘટ્યા પણ સરકાર અને સ્થાનિક તંત્ર વચ્ચે સંકલનનો અભાવ હજુ ઘટતો નથી

## તંત્ર કહે છે ૫૦ કેસ : સરકાર કહે છે ૫૭ કેસ નોંધાયા

**સે. ૩ માં ૪ કેસ સહિત શહેરમાં ૨૧ કેસ નોંધાયા : ગાંધીનગર તાલુકામાં ૮, કલોલમાં ૧૨, દહેગામમાં ૬ અને માણસામાં ૩ કેસ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાંથી આજે કોરોનાના વધુ ૫૦ કેસ મળ્યા છે તેમ સ્થાનિકતંત્રએ કહ્યુ છે જ્યારે રાજ્ય સરકારે ૫૭ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ થોડુક ઘટતુ જોવા મળી રહ્યુ છે. જો કે કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૨૯ અને ગાંધીનગર શહેરમાં ૨૧ કેસ નોંધાયા છે. રાજ્ય સરકારના કહેવા પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ અને શહેરમાં ૨૧ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે કેસ નોંધાયા છે તેમાં ૧૦ મહિલા અને મોટીવયના દર્દીઓ ઉપરાંત યુવા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી ૧૧ જેટલા દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ૨૯ કેસ નોંધાયા છે તેમાં દહેગામમાં ૬, ગાંધીનગરમાં ૮, કલોલમાં ૧૨ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે.

દહેગામમાં આજે ૬ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ અર્બનમાંથી ૩ કેસ ઉપરાંત નાંદોલમાંથી બે કેસ અને એક કેસ સાણોદા ગામેથી મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના વાસણા હડમતિયા, વાવોલ, છાલા, પ્રાંતિયા, રાંધેજા, સરગાસણ, શેરથા અને ઉવારસદ ગામેથી કેસો મળી આવ્યા છે.

આજે કલોલ તાલુકામાં એક જ દિવસમાં ૧૨ કેસ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. કલોલમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતામાં ગરકાવ થયુ છે.

કલોલ તાલુકાના ઉનાલી ગામેથી આજે એક જ દિવસમાં પાંચ કેસ નોંધાયા છે. આ પાંચેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આરસોડિયા ગામેથી એક કેસ મળી આવેલ છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી એક કેસ મળેલ છે જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી પાંચ કેસ મળી આવેલ છે. કલોલ અર્બનમાં તંત્રએ સર્વેલન્સ સઘન બનાવ્યુ છે.

માણસા તાલુકામાંથી આજે વધુ ૩ કેસ મળી આવેલ છે. તાલુકાના સોલૈયા ઉપરાંત માણેકપુર ગામેથી કેસ મળી આવેલ છે. એક કેસ માણસા અર્બન વિસ્તારમાંથી મળેલ છે.

જિલ્લામાં આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામીણ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૧૪૫ દર્દીઓ રિકવર થઈ ચુક્યા છે.

જિલ્લામાં હાલ ૨૦૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૨,૧૪૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૧ કેસ નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૪ દિવસથી સતત કેસો ઘટી રહ્યા છે.

આજે શહેરમાં નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દીઓ ઉપરાંત મોટીવયના તેમજ યુવા દર્દીઓનો સમાવેશ થાય છે.

આજે સંક્રમિત થનારાઓમાં એક ઈન્ટર્ન તબીબ, નાયબ મામલતદાર, સોલા સિવિલ હોસ્પિટલનો ક્લાર્ક, જનરલ ઈન્સ્યોરન્સના અધિકારી, ઈન્કમટેક્ષ અધિકારી, આર્કિટેક નિર્માણભવન તેમજ સર્વ શિક્ષા અભિયાનના કર્મયોગીનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર



ઉન બજાર ગરમ - ઠંડીના આગમનને પગલે રંગબેરંગી ઉન હવે બજારમાં વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ બન્યું છે... રાજ્યના જાણીતા સ્ટોલ્સ પર વિવિધ પ્રકારના ઉન જોવા મળે છે... ઠંડીની મજા જ એ છે કે, અલગ અલગ રંગના સ્વેટર અને કોટી પહેરવાની સૌ કોઈને મજા આવે... આજકાલ બ્રાન્ડેડ સ્વેટરની સાથો સાથ હાથ ગુંથવાના સ્વેટરની પરંપરા પણ હજુ જળવાઈ રહી છે...

## જિલ્લામાં આગામી ૧૩મી સુધી બેવડી ઋતુ રહેશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૩મી ડિસેમ્બર સુધી હજુ બેવડી ઋતુનો અહેસાસ થશે. કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન વિભાગે આ આગાહી કરી છે.

કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૧ માં જણાવ્યા પ્રમાણે આકાશ અંશતઃ વાદળછાયુથી ચોખ્ખુ રહેવાની સંભાવના છે.

જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૬-૧૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૯ થી ૫૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. જ્યારે પવનની સરેરાશ ગતિ ૬ થી ૧૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

# પ્રાઈવેટ હોસ્પિ.માં કોરોનાની ફ્રી સારવાર બંધ કરવા વિચારણા

**કોર્પો.એ ૭૪ કોવિડ હોસ્પિ.માં ૧૭૪૫ બેડ હસ્તગત કર્યા : ૧ ડિસેમ્બર સુધી ફ્રી ટ્રીટમેન્ટનું ૨૮૦ કરોડનું બિલ બન્યું, ખાલી બેડના પણ પૈસા ચૂકવાતા હોઈ સેવા મોંઘી પડે છે**

અમદાવાદ, તા. ૯

મે મહિનામાં એએમસીએ ૭૪ કોવિડ હોસ્પિટલમાં ૧૭૪૫ બેડ હસ્તગત કર્યા હતા, પરંતુ ત્યારથી આ સંખ્યામાં કોઈ વધારો નથી કરાયો. બીજી તરફ, કોર્પોરેશન દ્વારા આ બેડ પર દર્દી એડમિટ ના હોય તો પણ તેનો ચાર્જ ચૂકવાય છે, અને અત્યારસુધી કોર્પોરેશન દ્વારા હસ્તગત કરાયેલા બેડ પર સારવાર લેનારા દર્દીઓની ટ્રીટમેન્ટના ખર્ચ પેટે ૨૮૦ કરોડ રુપિયાની મસમોટી રકમનું બિલ બન્યું છે.

૧ ડિસેમ્બર સુધી ચૂકવાયેલી આ રકમને કારણે કોર્પોરેશનની તિજોરીને મોટો ફટકો પડ્યો છે. એએમસી દ્વારા અત્યારસુધી ૨૫૫ કરોડ રુપિયાની ચૂકવણી કરી દેવાઈ છે

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે અન્ડર પાસનુ બાકીનુ કામ જાન્યુઆરી સુધીમાં પુર્ણ કરી દેવાશે

**અગાઉ બ્રિજના એક છેડાનુ કામ દબાણોના લીધે અટવાયુ હતુ**

ગાંધીનગર તા ૯

શહેરમાં અન્ડર પાસનુ કામ છેલ્લા એક વર્ષથી બંધ હતુ આ વિસ્તારમાં દબાણોએ અજગર ભરડો લીધો હોવાથી અન્ડર પાસના એક છેડાનુ કામ પુર્ણ થઈ શક્યુ ન હતુ જયારે થોડા સમય અગાઉ દબાણો દુર કરાયા બાદ હવે અન્ડર પાસનુ બાકીનુ કામ તંત્ર દ્વારા શરૂ કરી દેવાયુ છે. આ બ્રિજને અનુલક્ષી હાલ ૨.૫ મીટરનુ કામ બાકી છે. અત્યાર સુધી બ્રિજના એક છેડે દબાણોની ભરમાર હતી જયારે તંત્ર દ્વારા દબાણો હવે દુર કરી દેવાયા છે. ત્યારે આ અન્ડર પાસનુ કામ આગામી જાન્યુઆરી મહીના સુધીમાં પુર્ણ કરી દેવાશે.

શહેરના ખ અને ક માર્ગને જોડતા અન્ડર પાસનુ કામ અંદાજિત ૨.૫ વર્ષ અગાઉ શરૂ કરવામાં આવ્યુ હતુ. આ અન્ડર પાસના નિર્માણ પાછળ રૂ ૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં ૧૬ કરોડની રકમ રેલવે બોર્ડ તેમજ બાકીના ૧૬ કરોડ રૂપિયાનો ખર્ચ રાજય સરકારે ફાળવ્યો છે. જયારે અઢી વર્ષના અંતે પણ અન્ડર પાસની કામગીરી પુર્ણ થઈ નથી. શરૂઆતના તબક્કામાં આ બ્રિજનુ કામ ઝડપથી હાથ ધરાયુ હતુ પરંતુ આખરી તબક્કામાં દબાણો અવરોધરૂપ બનતા કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી અંદાજિત ૫૦૦ જેટલા દબાણો દુર કરાયા હતા જેના અંતે હવે બાકીનુ કામ પુર્ણ કરવા ટીમ કામે લાગી છે. હાલ બ્રિજના એક છેડાનુ કામ પુર્ણ કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે ચાલુ વર્ષમાં કોરોનાની મહામારીના લીધે પણ આ કામગીરી અન્વયે આગળનુ આયોજન થઈ શક્યુ ન હતુ જેના લીધે દબાણો દુર કરવા સહીતની કામગીરી પણ થઈ શકી ન હતી. જયારે આ કાર્યયોજનાને પુર્ણ કરવા માટે કામ ગતિમાં હોવાથી આગામી તા ૧૦ જાન્યુઆરી સુધીમાં અન્ડર પાસનો પ્રોજેકટ પુર્ણ કરી દેવાશે.

# સરકાર બજેટના કદમાં ૩૦% સુધીનો કાપ મૂકી શકે છે

**કોરોના મહામારીના કારણે આર્થિક પ્રવૃત્તિ પર રોક લાગી હતી, જેના કારણે સરકારને ટેક્સમાંથી થતી આવક ઘટી**

ગાંધીનગર,તા.૯

કોવિડ-૧૯ મહામારીએ લોકોના જીવનને અટકાવી દીધું છે ત્યારે રાજ્ય સરકારની તિજોરીને પણ ફટકો પડ્યો છે. હકીકતે, રાજ્ય સરકારે તમામ વિભાગોને પોતાનું સુધારેલું બજેટ રજૂ કરવાની સૂચના આપી છે. રાજ્ય સરકારની સૂચના મુજબ સુધારેલું અંદાજિત બજેટ ૨૫%થી ૩૦%ની વચ્ચે રાખવાનું રહેશે અને આ મહિને તેને ફાઈનલ કરી દેવાશે. સરકારી સૂત્રોનું માનીએ તો સીજીએસટી, એસજીએસટી, વીએટી સ્ટેમ્પ ડ્યૂટી અને અન્ય ટેક્સ દ્વારા સરકારને મળતી આવકમાં ઘટાડો નોંધાયો છે. સાથે જ ખર્ચ પણ ઘટ્યો છે ત્યારે રાજ્ય સરકારે તમામ વિભાગોને અંદાજિત બજેટમાં કાપ મૂકવાની સૂચના આપી છે. અધિકારીએ કહ્યું, આ વર્ષે માર્ચ મહિનામાં રાજ્ય સરકારે ૨.૧૭ લાખ કરોડ રૂપિયાનું અંદાજિત બજેટ રજૂ કર્યું હતું. પરંતુ લોકડાઉન અને આર્થિક પ્રવૃત્તિ પરના અન્ય નિયંત્રણોના કારણે રાજ્યની આવક અંદાજીત સ્તર કરતાં નીચી રહી હતી. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણાંમંત્રી નીતિન પટેલે કહ્યું, કોરોના વાયરસ મહામારીના કારણે સરકારને મળતા ટેક્સમાં ઘટાડો આવ્યો છે. સરકારે તમામ વિભાગોને સંયમનના માપદંડો અપનાવાનું કહી દીધું છે. સુધારેલા બજેટમાં આની અસર જોવા મળશે. હાલ તો અમે સુધારેલા બજેટને ફાઈનલ કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. સૂત્રોએ આગળ કહ્યું, ×નવેમ્બરના અંત સુધીમાં તમામ સ્ત્રોતો દ્વારા સરકારને ૪૫,૮૯૪ કરોડ રૂપિયા આવક થઈ, જે અંદાજિત બજેટના ૪૫.૩૦% છે. નાણાંકીય વર્ષના બાકીના ચાર મહિના (ડિસેમ્બર ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧) દરમિયાન બધા સ્ત્રોતો દ્વારા થયેલી કુલ આવક અંદાજિત બજેટના ૬૫%થી ૭૦% સુધી પહોંચી શકે છે. આ જ પ્રકારે વિવિધ પ્રોજેક્ટ પાછળ સરકારને કેપિટલ એક્સપેન્ડિચર થયો નથી જેના લીધે નોંધપાત્ર બચત થઈ હશે. ઉપરાંત સંયમનના માપદંડોને અમલમાં મૂકવાના છે ત્યારે ખર્ચા પર કાપ મૂકીને થોડા અંશે રેવન્યૂની ખોટ પૂરી શકાય છે. અધિકારીએ કહ્યું, ×જો કે, આ પગલાને લીધે બજેટ સાઈઝમાં ૩૦ ટકા ઘટાડો જોવા મળશે.

# ટાઉનહોલમાં ઓટો ડિઝીટલ સાઉન્ડ સિસ્ટમ કલાકારોમાં આકર્ષણ જમાવશે

**ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી સ્ટેજનુ લાઇટીંગ અને એસી પ્લાન્ટનુ કામ પણ અધતન ઢબે થશે : આગામી દિવસોમાં રીનોવેશનનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા પાંચ વર્ષથી મરણપથારીએ છે. જયારે ટાઉનહોલની કાયાપલટ કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ટાઉન હોલના રીનોવેશનનુ કામ પણ હાથ ધરાશે. જે અન્વયે ટાઉનહોલની બેઠક વ્યવસ્થા , કાર્પેટ, પડદા અને ઈલેક્ટ્રીફિકેશન સહીત એ સી પ્લાન્ટનુ પણ નવિનીકરણ કરાશે. કલાકારોને સ્ટેજ આપતા ટાઉનહોલમાં અધતન સાઉન્ડ સિસ્ટમ પણ મુકવામાં આવશે. ઓટો ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ પણ કલાકરો તેમજ શ્રોતાઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજકટ છેલ્લા પાંચ વર્ષથી અટવાયેલો છે. પરંતુ ટાઉનહોલને મરણપથારીએથી બેઠો કરવા માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આયોજન કરી દેવાયુ છે. જયારે આ કાર્યયોજના પણ આખરી કરી દેવામાં આવી છે. ટાઉનહોલના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૮ કરોડનો ખર્ચ કરાશે.જયારે ટાઉનહોલમાં શ્રોતાઓ આરામદાયક રીતે બેસી શકે તે મુજબની બેઠક વ્યવસ્થા પણ કરાશે આ ઉપરાંત ટાઉનહોલમાં નવા એ સી પ્લાન્ટ તેમજ ઈલેક્ટ્રીફિકેશનુ કામ પણ હાથ ધરાશે.

જયારે ટાઉનહોલના સ્ટેજને અનુલક્ષી નવીન આકર્ષક લાઈટીંગ અને અધતન સાઉન્ડ સિસ્ટમ પણ મુકવામાં આવશે. ડિઝીટલ ઓટો સાઉન્ડ સિસ્ટમ કલાકારો માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી લાંબા સમયથી નગરની સાંસ્કૃતિક સંસ્થાઓ તેમજ કલાપ્રેમી નાગરિકો દ્વારા રજુઆત કરવામાં આવી રહી છે. ત્યારે હવે ટાઉનહોલના નવિનીકરણનુ કામ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે. ટાઉનહોલને નવા રૂપરંગ આપવાની યોજના તૈયાર છે.જયારે આ માટે ખર્ચનુ આયોજન પણ થઈ ગયુ છે. ત્યારે હવે હોલના રીનોવેશન માટે ત્વરિત કામ શરૂ થાય તે દિશામાં કામગીરી હાથ ધરાય તેવી લાગણી પણ નાગરિકોમાં પ્રબળ બની છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
કપચી-ગ્રીટ મેટલ
વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત
BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ
હંમેશા એક કદમ આગે
Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
UltraTech CEMENT
The Engineer's Choice
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com